सत्यमेव जयते

**આંક – પર**

**<u>નમુનો–અ</u>**

| |
|---|
| **મે.ના.શ્રી પ્રિન્સીપાલ સીવીલ જજ અને જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ.માણસા.**<br>**ચુકાદાની તારીખ : ૦૭/૦૩/૨૦૨૬**<br>**ફોજદારી કેસ નંબર – ૧૧૬૬/૨૦૨૦**<br>**માણસા પો.સ્ટે.ફર્સ્ટ.ગુ.ર.નં. ૧૧૨૧૬૦૦૯૨૦૦૭૫૩/૨૦૨૦** |
| **ગુનાની વિગત** |

| | |
|---|---|
| ફરીયાદીનું નામ | :શ્રી સરકાર |
| ફરીયાદી તર્ફે વિ.એ.પી.પી.શ્રી. | :એ.આર.ભટટ |
| આરોપીનું નામ | :મુકેશકુમાર જયંતીભાઈ પટેલ ઉ.વ. ૩૭, રહે લોદ્રા, નવા કાછલા, વાડીપુરા, તા. માણસા. જી.ગાંધીનગર |
| આરોપી તર્ફે વિ.વકીલશ્રી | :એમ.વી.ઠાકોર |

**<u>નમૂનો–બ</u>**

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | :૦૭/૧૦/૨૦૨૦ સમય ૧૪:૩૦ કલાક સુધી |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | :૦૮/૧૦/૨૦૨૦ સમય ૨:૦૦ |
| આખરી અહેવાલની તારીખ | :૦૪/૧૨/૨૦૨૦ |
| તહોમતનામા/પ્લીની તારીખ | :૨૧/૦૯/૨૦૨૨ |
| પુરાવો શરૂ થયાની તારીખ | :૨૧/૦૨/૨૦૨૩ |
| ચુકાદાની તારીખ | :૦૭/૦૩/૨૦૨૬ |

| | |
|---|---|
| સજા હુકમની તારીખ<br>(લાગુ પડે તો) | ---- |

## આરોપીની વિગત

| અનુ. નં. | આરોપીનું નામ | ધરપકડ ની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયું / સજા કરી | કરવા માં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયતનો સમય ગાળો ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ-૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧ | મુકેશભાઇ જયંતીભાઇ પટેલ | ૨૦/૧ ૦/૨૦૨૦ | ૨૧/૧ ૦/૨૦૨૦ | ઇ.પી.કો. કલમ ૩૨૫, ૩૨૩,૫૦૪, તથા જી.પી. એકટ ૧૩૫ | નિર્દોષ | -- | - |

**નમૂનો ક**

**ફરિયાદી / બચાવ પક્ષ/કોર્ટ વીટનેશ**

**એ. ફરીયાદપક્ષ**

| અનુ.નં. | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ફ.સા. ૦૧ | ૦૯ | પરેશભાઇ ઇશ્વરભાઇ રબારી | ફરીયાદી |
| ફ.સા.૦૬ | ૧૨ | રબારી જયેશભાઇ ઇશ્વરભાઇ | સાહેદ |
| ફ.સા.૦૭ | ૧૩ | રબારી રાજેભાઇ મોર્ડનભાઇ | સાહેદ |
| ફ.સા.૦૩ | ૧૫ | પંકજકુમાર કાંતીભાઇ પટેલ | પંચસાહેદ |
| ફ.સા.૦૪ | ૧૯ | ઘનશ્યામભાઇ ગોપાલભાઇ પટેલ | પંચસાહેદ |
| ફ.સા.૦૫ | ૨૧ | ઠાકોર રાયસંગજી સંજયજી | પંચસાહેદ |
| ફ.સા.૦૮ | ૨૫ | રબારી નાગજીભાઇ સોમાભાઇ | સાહેદ |

| | | | |
|---|---|---|---|
| ફ.સા.૦૯ | ૨૬ | રબારી વિષ્ણુભાઈ સોમાભાઈ | સાહેદ |
| ફ.સા.૧૦ | ૨૯ | ડો. એન.કે.સોલંકી | સાહેદ |
| ફ.સા.૧૧ | ૩૯ | લાલજીભાઈ હેમરાજભાઈ | સાહેદ |
| ફ.સા.૧૨ | ૪૬ | અલકાબેન રંગાભાઈ ચૌધરી | સાહેદ |

**બી. બચાવપક્ષ સાહેદો, જો કોઈ હોય,**

| **અનુક્રમ** | **આંક** | **નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|---|
| બચાવપક્ષ તર્ફે કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. | | | |

**સી. કોર્ટ તરફે સાહેદો, જો કોઈ હોય,**

| **અનુક્રમ** | **આંક** | **નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|---|
| નથી. | | | |

-----------------------------------

**ફરીયાદપર્ક્ષે/બચાવપર્ક્ષે/કોર્ટ તર્ફે રજુ થયેલ દસ્તાવેજોની યાદી**

**એ. ફરિયાદ પક્ષ**

| **અનુક્રમ** | **આંક** | **વિગત** |
|---|---|---|
| ૧ | ૧૦ | ફરીયાદ |
| ૨ | ૧૬ | ગુનાવાળી જગ્યાનું પંચનામુ |
| ૩ | ૨૦ | મારક હથીયાર કબ્જે કર્યા અંગેનું પંચનામુ |
| ૪ | ૩૦ | ગાંધીનગર સી.હો. રીફરચીટ |
| ૫ | ૩૧ | સારવાર સર્ટીફીકેટ |
| ૬ | ૩૨ | દદીની સોનોગ્રાફી ફોટાનો રીપોટ |
| ૭ | ૪૦ | સુચીપત્ર |
| ૮ | ૪૧ | એફ.આઈ.આર. |
| ૯ | ૪૨ | સ્ટેશન ડાયરી |
| ૧૦ | ૪૭ | જાહેરનામાની નકલ |
| ૧૧ | ૪૮ | સારવાર સટિફીકેટ આપવા બાબત |
| ૧૨ | ૪૯ | સારવાર સટિફીકેટ આપવા બાબત |

**બી.બચાવપક્ષ**

| અનુક્રમ | આંક | વિગત |
|---|---|---|
| બચાવપક્ષ તરફે કોઈ પુરાવો રજુ થયેલ નથી. | | |

**સી. કોર્ટ ધ્વારા આંક આપવામાં આવેલ દસ્તાવેજીની યાદી**

| અનુક્રમ | આંક | વિગત |
|---|---|---|
| કોઈ નથી. | | |

**ડી. મટીરીયલ ઓબ્જેકટસ**

| અનુક્રમ | આંક | વિગત |
|---|---|---|
| કોઈ નથી. | | |

:: ઠ રા વ ::

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે,આ કામના તહોમતદારે આ કામના ફરિયાદીના ભાઈ ભોગ બનનાર સાહેદ જયેશભાઈને કોઈ કારણ વગર ગાળો બોલી માથામાં પાવડો મારી ફ્રેકચર કરી માથામાં પાછળના ભાગે તથા કાન ઉપર ઈજાઓ કરી મે.જીલ્લા મેજી.સા.ના. હથીયાર બંધીના જાહેરનામાનો ભંગ કરી ગુનો કરી ઈ.પી.કો. કલમ – ૩૨૫, ૩૨૩, ૫૦૪ તથા જી.પી. એકટ ૧૩૫ મુજબનો ગુનો કરેલ જેની ફરીયાદ ફરીયાદીએ માણસા પોલીસ સ્ટેશનમાં આપેલી છે. ફરીયાદીની ફરીયાદના આધારે માણસા પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૨૧૬૦૦૯૨૦૦૭૫૩ / ૨૦૨૦થી તા.૦૭/૧૦/૨૦૨૦ સમય ૧૪:૦૦ના રોજ સદર ગુનો દાખલ કરેલો. ત્યારબાદ પોલીસ તપાસમાં આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા મળી આવતા પોલીસે સી.આર.પી.સી.ની કલમ – ૧૭૩ મુજબ આરોપી

વિરૂઘ્ધ સદર ગુનાના તહોમતનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

(૨) આ કામે આરોપીને સમન્સની બજવણી થતાં તેઓ હાજર થયેલ છે.સી.આર.પી.સીની કલમ ૨૦૭ મુજબ નકલો આપેલ અને ત્યારબાદ આંક – ૦પ થી તહોમતનામુ તેમજ આંક– ૦૬ થી પ્લી નોંધતા આરોપીઓએ પોતે ગુનો કરેલાનો ઈન્કાર કરેલ છે અને ન્યાયિક કાર્યવાહી કરવા જણાવેલ છે.તેથી ટ્રાયલ આગળ ચલાવવામાં આવેલ છે.ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ આરોપીનું સી.આર.પી.સી.ની કલમ –૩૧૩ મુજબનો વધારાનો જવાબ લેવામાં આવેલ છે. અને તેમાં આરોપીએ જણાવેલ છે કે તેના વિરુઘ્ધમાં ખોટી ફરીયાદ કરેલ છે અને તેઓ નિર્દોષ છે.

(૩) ઉપર મુજબની રૂપરેખા ધરાવતા આ કેસના આખરી નીકાલ સારુ નીચે મુજબનાં મુદાઓ ઉપસ્થિત થાય છે.

**:: મુ દા ઓ ::**

(૧) શું ફરીયાદપક્ષ પુરવાર કરે છે કે,આ કામના તહોમતદાર આ કામના આરોપીઓએ આ કામના ફરિયાદીના ભાઈ ભોગ બનનાર સાહેદ જયેશભાઈને કોઈ કારણ વગર ગાળો બોલી માથામાં પાવડો મારી ફેકચર કરી માથામાં પાછળના ભાગે તથા કાન ઉપર ઈજાઓ કરી મે.જીલ્લા મેજી.સા.ના. હથીયાર બંધીના જાહેરનામાનો ભંગ કરી ગુનો કરી ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૨૩, ૩૨૫,

૫૦૪, જી.પી.એકટ ની કલમ – ૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

**(૨)** શું હુકમ ?

**(૪)** ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**(૫)** ઉપરોકત મુદાઓના નિર્ણયના મારા કારણો નીચે મુજબ છે.

**:: કારણો ::**

**<u>મુદા નં. ૧ :–</u>**

**(૬)** આ કામે ફરીયાદપક્ષના પુરાવાનું મુલ્યાંકન કરતા ફરીયાદપક્ષે ફરીયાદીના ભાઈ પરેશભાઈ ઈશ્વરભાઈ રબારીનાઓને ને આંક – ૦૯ ની જુબાનીમાં સોગંદ પર તપાસતા સરતપાસમાં તેઓએ જણાવેલ કે,''બનાવ ની તારીખ મને યાદ નથી. બનાવ આશરે આજથી ત્રણેક વર્ષ અગાઉ બપોરે ૨:૩૦ વાગ્યેલ આજોલ–લોદરા રોડ ઉપર ખરાબાની જગ્યા છે ત્યાં આગળ બનેલ.હું બનાવના દીવસે ખરાબાની જગ્યામાં ગાયો ચરાવવા ગયેલ અને મારી સાથે મારો નાનો ભાઈ જયેશ તથા મારા બાપાનો દીકરો રાજુભાઈ મોડણભાઈ હતા. ત્યાં અમો ગાયો ચરાવતા હતા ત્યારે અચાનકજ આરોપી પટેલ મુકેશભાઈ જયંતીભાઈ ગાળો બોલતાં બોલતાં પાવડો લઈને આવેલા અને મારા ભાઈ જયેશને કપાળના

ભાગે પાવડો મારેલ. જેથી તેણે બુમો પાડતાં હું અને રાજુભાઈ ત્યાં ગયેલા તો તેના કપાળમાં લોહી આવી ગયેલું અને ત્યાંથી એક બાઈકવાળો નિકળતાં તેની બાઈક ઉપર મારા ભાઈને બેસાડીને હું લોદરા ગામે દવાખાનામાં લઈ ગયેલો. ત્યાંથી વધુ સારવાર માટે ડોકટર સાહેબે મારા ભાઈને માણસા લઈ જવાનું કહેતાં મારા કુટુંબી વિષ્ણુંભાઈની ગાડીમાં મારા ભાઈને માણસા સીવીલ હોસ્પીટલમાં ત્યાં સારવાર કરાવીને વધુ સારવાર માટે સીવીલ હોસ્પીટલ ગાંધીનગર ખાતે રીફર કરેલા. ત્યાંથી વધુ સારવાર માટે અમદાવાદ સીવીલ હોસ્પીટલમાં મોકલેલા અને ત્યાં ૫-૬ દીવસ દાખલ રાખેલા અને ત્યાં થી રજા આપતા ઘરે લાવેલા. બનાવ અંગેની ફરીયાદ મે આપેલી મને અસલ ફરીયાદ બતાવામાં આવે છે જેમાં મારી સહી છે જે હુ ઓળખુ છુ જે ફરીયાદને રજુ કામે દાખલ આંક-૧૦ આપવામાં આવે છે. આરોપીને ઓળખુ છું જે આજરોજ કોર્ટમાં હાજર છે તે જ છે."

ત્યાર બાદ ફરિયાદી પક્ષે સદર સાહેદની ઉલટ તપાસ કરતાં સદર સાહેદે એ વાત કબૂલ રાખેલ છે કે, ''હુ ધોરણ-૯ સુધી ભણેલો છું અને હાલમાં પશુ પાલન કરુ છું. એ વાત ખરી છે કે સરકારી ખરાબામાં અમો જયારે ગાયો ચરાવતા હતા ત્યારે કોણ કઈ દીશામાં ઉભા હતા તે વિગત મારી ફરીયાદમાં લખાવેલ નથી. સાહેદ જણાવે છે કે અમલ અલગ અલગ જગ્યાએ ઉભા હતા તેવું લખાવેલ છે. એ વાત ખરી છે કે આરોપી કયા કારણસર આવેશમાં આવી ગયેલા તે હું કહી શકું નહી.એ વાત ખરી છે કે મારા ભાઈએ બુમ પાડેલી પછી હું મારા ભાઈ પાસે ગયેલો. એ વાત ખરી છે કે વિષ્ણુભાઈ આગળપડતા

વ્યકિતને છે. અને અવાર નવાર કોર્ટ કચેરીમાં આવ–જા કરે છે. ''ફરિયદીએ અન્ય બાબતોનો ઈનકાર કરેલ છે.

(૬.૧) ફરીયાદ પક્ષે સાહેદ રબારી જયેશભાઈ ઈશ્વરભાઈનાઓને આંક – ૧૨ની જુબાનીમાં સોગંદ પર તપાસતા સરતપાસમાં તેઓએ જણાવેલ કે, ''તા.૦૭/૧૦/૨૦૨૦ ના રોજ હુ સવારે ૧૦ વાગ્યાના સુમારે હુ ઢોળો રાખતો હોય ગાયો ચરાવા માટે લાદરા આજોલ રોડ ઉપર જે ગૌચરની જગ્યા આવેલ છે ત્યા ગયેલો. અને બપોરના અઢી વાગ્યાના સમયે હુ તથા મારી સાથે મારા સગા ભાઈ પરેશભાઈ ઈશ્વરભાઈ તેમજ મારા બાપાના દિકરા રાજુભાઈ માર્ડનભાઈનાઓ પણ ત્યાં હાજર હતા. અને અમો ત્રણેય જણા અલગ અલગ જગ્યાએ ઉભા હતા અને અમારી ગાયો અલગ અલગ ગૌચરમાં ચરતી હતી. અને હુ આગળ ઉભો હતો અને આજરોજ કોર્ટમાં હાજર આરોપી હાથમાં પાવડો લઈને બુમો બુમો પાડતા પાડતા અને ગાળો કાઢતા કાઢતા આવેલા. અને મે એમને કહેલ કે ભાઈ શા માટે ગાળો કાઢો છો તેમ કહેતા જ કોર્ટમાં હાજર આરોપીએ તેમના હાથમાંનો પાવડો કપાળના ડાબા ભાગે મારેલ. અને મને પાવડો વાગતા જેથી હુ લોહી લુહાણ થઈ ગયેલ અને નીચે બેસી ગયેલો અને મે બુમો પાડતા મારો ભાઈ પરેશભાઈ મારી પાસે આવેલા અને રોડ ઉપર એક બાઈક નીકળેલ તે બાઈક ઉપર બેસાડી ગામમાં ગામમાં લાવેલ. બાઈક કોનુ હતુ તેને હુ ઓળખતો નથી. પહેલા હુ પ્રાઈવેટ દવાખાને ગયેલો અને ત્યા દવાખાનુ બંધ હોવાથી તેમના ઘરે ગયેલો. જેથી એમને એવુ કહેલ કે તમને વાગેલુ હોય

હુ સારવાર કરી શકુ નહી જેથીતમે માણસા સિવીલમાં જાઓ. જેથી હુ માણસા સિવીલ હોસ્પીટલે ગયેલો. ત્યાંથી અમોને વધુ વાગેલુ હોય ગાં ધીનગર સિ.હો. એ લઈ ગયેલા. અને ત્યા પણ અમોને ડોકટર સાહેબે અમદાવાદ સિવીલ હોસ્પીટલે વધુ વાગેલ હોય રીફર કરેલા. ત્યાં મારી સારવાર કરેલી. આ પાવડો આજરોજ કોર્ટમાં હાજર છે તે આરોપીના હાથમાં હતો જો મને આજરોજ પાવડો બતાવામાં આવે તો હુ ઓળખી શકુ. મને મુદ્દામાલ પાવતી નંબર ૧૭૮/૨૦૨૦ માં જણાવ્યા મુજબનો એક પાવડો બતાવામાં આવે છે તે જોઈને કહુ છુ કે આ તેજ પાવડો હતો જે આરોપીના હાથમાં હતો. આરોપીને હુ જોયેથી ઓળખુ છુ જે આજરોજ કોર્ટમાં હાજર છે તે જ છે. ''

ત્યારબાદ ફરિયાદીપક્ષે સદર સાહેદની ઉલટતપાસ કરતાં સદર સાહેદે એ વાત કબૂલ રાખેલ છે કે, ''હુ ધોરણ ૧૦ સુધી ભણેલ છુ. હાલ હુ પશુપાલનનુ કામ કાજ કરુ છુ. એ વાત ખરી છે કે, હુ કેટલી ગાયો લઈને ગયેલ તે મારા નિવેદનમાં લખાવેલ નથી. એ વાત ખરી છે કે, મે મારા પોલીસ રૂબરુના નિવેદનમાં કોન કઈ કઈ દિશાએ ઉભા હતા તે લખાવેલ નથી. તમે તમારા પોલીસ રૂબરુના નિવેદનમાં અને સરતપાસમાં આરોપી ઉશ્કેરાઈને પાવડો લઈને આવેલા હોવાનુ જણાવેલ છે પરંતુ આરોપી કેમ ઉશ્કેરાઈને પાવડો લઈને આવેલા તેનુ કારણ જણાવેલ નથી તે બાબતે તમારે શુ કહેવુ છે? ''સદર પ્રશ્નના જવાબમાં સાહેદે જણાવેલ છે કે, “એ વાત ખરી છે કે, મારા પોલીસ રૂબરુના નિવેદનમાં તથા સરતપાસમાં કારણ જણાવેલ નથી પણ અમે ગૌચરની જમીનમાં ગાયો ચરાવતા હતા તે વખતે આરોપી

પાવડો લઈને આવેલા. એ વાત ખરી છે કે, મે મારા પોલીસ નિવેદનમાં મને પાવડો વાગતા હુ લોહી લુહાણ થઈને નીચે બેસી ગયેલ હોવાની હકીકત તથા દવાખાનુ બંધ હોય સારવાર કરવા ડોકટરના ઘરે ગયેલ અને ડોકટરે કહેલ કે તમને વાગેલ હોઈ હુ સારવાર કરી શકુ નહી તેવી હકીકત લખાવેલ નથી.''સાહેદે અન્ય બાબતોનો ઈનકાર કરેલ છે.

**(૬.૨)** ફરીયાદ પક્ષે સાહેદ રબારી રાજેશભાઈ મોડનભાઈનાઓને આંક – ૧૩ની જુબાનીમાં સોગંદ પર તપાસતા સરતપાસમાં તેઓએ જણાવેલ કે, ''બનાવ કઈ તારીખે બનેલ તે મને ખબર નથી. બનાવ આશરે બપોરના ૨/૩૦ વાગ્યાના વચ્ચે બનેલ. બનાવના દિવસે હુ સવારે ૧૦ વાગ્યાના સુમારે હુ ઢોળો રાખતો હોય ગાયો ચરાવા માટે લોદરા આજોલ રોડ ઉપર જે ગૌચરની જગ્યા આવેલ છે ત્યા ગયેલો. અને બપોરના અઢી વાગ્યાના સમયે હુ તથા મારી સાથે મારા કાકાના દિકરા પરેશભાઈ ઈશ્વરભાઈ તેમજ કાકાના દિકરા જયેશભાઈ ઈશ્વરભાઈનાઓ પણ ત્યાં હાજર હતા. અને અમો ત્રણેય જણા અલગ અલગ જગ્યાએ ઉભા હતા અને અમારી ગાયો અલગ અલગ ગૌચરમાં ચરતી હતી. જયેશભાઈ આગળ હતા તેમજ બીજા નં બરે પરેશભાઈ હતા અને ત્રીજા નંબરે હુ હતો. એવી રીતે ગાયો ચરાવતા હતા. આ મહેશભાઈ પાવડો લઈને આવેલા. અને જયેશભાઈને મારેલા. જેથી જયેશભાઈને ચકકર આવેલા. જેથી તેમને લોહી નીકળતું હોઈ એક બાઈક આવતુ હોઈ તેને રોકી જયેશભાઈને સૌ પ્રથમ લોદરા દવાખાને લઈ ગયેલ. જયેશભાઈને બીજા ભાઈ દવાખાને લઈ ગયેલ. ત્યાંથી માણસા દવાખાને સારવાર સારૂ લાવેલા. ત્યારબાદ માણસાથી

ગાંધીનગર ખાતે રીફર કરેલ. અને ત્યાંથી અમદાવાદ સીવીલ હોસિપ્ટલમાં લઈ ગયેલા. અને હું પાછળ ઉભો હતો તે આ કામના આરોપી પાવડો લઈને આવેલા. અને જો મને પાવડો બતાવવામાં આવે તો હુ ઓળખી શકુ. પોલીસે મારુ નિવેદન લીધેલ. આરોપીને હુ જોયેથી ઓળખું છુ જે આજરોજ કોર્ટમાં હાજર છે તે જ છે. તેનું નામ મુકેશભાઈ ઉર્ફે જે.ડી. છે.મને મુદ્દામાલ પાવડો બતાવવામાં આવે છે જે મહેશભાઈ જંયતિભાઈના હાથમાં હતો. ''

ત્યારબાદ ફરિયાદી પક્ષે સદર સાહેદની ઉલટતપાસ કરતાં સદર સાહેદે એ વાત કબૂલ રાખેલ છે કે, ''હુ ધોરણ ૮ સુધી ભણેલ છુ. હાલ હુ પશુપાલનનુ કામ કાજ કરુ છુ. એ વાત ખરી છે કે, હુ કેટલી ગાયો લઈને ગયેલ તે મારા નિવેદનમાં લખાવેલ નથી. એ વાત ખરી છે કે, મે મારા પોલીસ રૂબરુના નિવેદનમાં કોન કઈ કઈ દિશાએ ઉભા હતા તે લખાવેલ નથી. એ વાત ખરી છે કે મારા નિવેદનમાં મહેશભાઈએ પાવડો મારેલ તેનું કારણ લખાવેલ નથી. એ વાત ખરી છે કે મે મારા પોલીસ નિવેદનમાં એવી હકીકત લખાવેલ નથી કે જયેશભાઈ આગળ હતા તેમજ બીજા નંબરે પરેશભાઈ હતા અને ત્રીજા નંબરે હુ હતો. . એ વાત ખરી છે કે અમો રોડ ઉપર ગાયો ચરાવતા હતા. એ વાત ખરી છે કે મારા ભાઈને કેવી રીતે વાગેલ તે હુ પાછળ હોઈ તે મે નજરે જોયેલ નથી. '' સાહેદે અન્ય બાબતોનો ઈનકાર કરેલ છે.

**(૬.૩)** ત્યાર બાદ ફરીયાદપક્ષે ગુન્હાવાળી જગ્યાના આંક– ૧૬ થી રજુ પંચનામાં ના પંચ ને આંક– ૧૫ તેમજ , આંક– ૨૦ વાળા મારક હથિયાર કબ્જે કર્યા અંગેના પંચનામાંના પંચો ને આંક– ૧૯ તથા

આંક–૨૧ થી તપાસતા તેઓ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતા ન હોઈ , ફરી ગયેલા સાહેદ જાહેર થયેલ છે.તેઓ ફકત તૈયાર પંચનામાં માં સહીઓ કરેલાની હકીકત જણાવે છે.અને પંચનામાં માં પોતાની સહીઓ ઓળખી બતાવેછે. અન્ય હકીકતો બાબતે ફરીયાદપક્ષને સમર્થન આપતા નથી.

**(૬.૪)** ફરીયાદ પક્ષે સાહેદ રબારી નાગજીભાઈ સોમાભાઈનાઓને આંક – ૨૫ની જુબાનીમાં સોગંદ પર તપાસતાં સરતપાસમાં તેઓએ જણાવેલ કે, '' બનાવ તા.૦૭/૧૦/૨૦૨૦ ના બપોરના ત્રણેક વાગે હુ મારા ઘરે હાજર હતો ત્યારે મને સમાચાર મળેલ કે, માથાકુટ થયેલ છે આ માથાકુટ મુકેશ પટેલ અને ગાયો વાળા જોડે થયેલ છે જેથી હુ મારુ મો.સા. લઈને સ્થળ ઉપર પહોચેલ. આ સ્થળ છે તે લોદરા થી આજોલ વાળા રોડ ઉપર ખરાબાની જગ્યા છે ત્યા છે. મે ત્યા જઈને જોયેલ તો કોઈ વ્યકિત હાજર ન હતુ પરંતુ લોહીના ઘબ્બા પડેલ હતા. પછી હુ ઘરે ગયેલ અને ઘરે ગયા પછી સમાચાર મળેલ કે રબારી જયેશભાઈ ઈશ્વરભાઈને દવાખાને લઈ ગયેલ છે. ત્યારબાદ આ લોકોને ડોકટરી સારવાર સારૂ દવાખાને લઈ ગયેલા. આ બાબતે પોલીસે મારો બીજા દિવસે જવાબ લીધેલો. આરોપીને હુ જોયેથી ઓળખુ છુ જે આજરોજ કોર્ટમાં હાજર નથી . ''

ત્યારબાદ ફરિયાદી પક્ષે સદર સાહેદની ઉલટતપાસ કરતાં સદર સાહેદે એ વાત કબૂલ રાખેલ છે કે, '' એ વાત ખરી છે કે, બનાવ બન્યો ત્યારે હુ મારા ઘેર હતો. એ વાત ખરી છે કે, બનાવ મે નજરો નજર જોયલ નથી. '' સાહેદે અન્ય બાબતોનો ઈનકાર કરેલ.

(૬.૫) ફરીયાદ પક્ષે સાહેદ રબારી વિષ્ણુભાઈ સોમાભાઈનાઓને આંક – ર૬ ની જુબાનીમાં સોગંદ પર તપાસતાં સરતપાસમાં તેઓએ જણાવેલ કે, ''બનાવ એવો બનેલ કે મારા ભાઈઓ ગાયો ચરાવા ગયેલા. અને આ ગાયો ચરાવા લોદરા આજોલ રોડ ઉપર ગયેલા. મારા ભાઈ એટલે કે જયેશભાઈ ગયેલા. અને ગાયો ચરાવીને ઘરે આવવાનો સમય થયેલ હોય મારા ભાઈ ગાયો લઈને ઘરે આવતા હતા તે વખતે મુકેશભાઈ ઉર્ફે જે.ડી.એ આવીને મારા ભાઈને કપાળના ભાગે પાવડો મારેલ. તે વખતે મારા બીજા ભાઈઓ રાજુભાઈ પરેશભાઈ ત્યા હાજર હોઈ કોઈની મો.સાઈકલ ઉપર તેઓને દવાખાને લઈ ગયેલા. જેથી મને સમાચાર મળતા હુ સીધી દોડીને ગયેલો અને મારા ભાઈને ગામમાં દવાખાને લઈ ગયેલા જેથી મારા ભાઈને મારી ગાડીમા માણસા સિ.હો. માં લઈ ગયેલો અને વઘુ સારવાર માટે ગાંઘીનગર સિ.હો.માં રીફર કરેલા અને વઘુ સારવાર માટે અમદાવાદ સિ.હો. રીફર કરેલા. ત્યારે હુ દવાખાને સાથે જ હતો. અને ત્યા મારા ભાઈને સારવાર માટે ઈન્ડોર પેસેન્ટ તરીકે ચાર થી પાંચ દિવસ રાખેલા. આ બાબતે પોલીસે મારો બીજા દિવસે જવાબ લીઘેલો. આરોપીને હુ જોયેથી ઓળખુ છુ જે આજરોજ કોર્ટમાં હાજર નથી . ''

ત્યારબાદ ફરિયાદી પક્ષે સદર સાહેદની ઉલટતપાસ કરતાં સદર સાહેદે એ વાત કબૂલ રાખેલ છે કે, ''એ વાત ખરી છે કે, બનાવ બન્યો ત્યારે હુ મારા ઘેર હતો. એ વાત ખરી છે કે, બનાવ મે નજરો નજર જોયલ નથી. ''સાહેદે અન્ય બાબતોનો ઈન્કાર કરેલ છે.

**(૬.૬)**આ કામે ફરિયાદ પક્ષે સાહેદ ડો.એન.કે. સોલંકીનાઓને આંક – ૨૯ ની જુબાનીમાં સોગંદ પર તપાસતાં સરતપાસમાં તેઓએ જણાવેલ કે, ''તા.૭/૧૦/૨૦૨૦ ના રોજ હું સી.હો. અસારવા, અમદાવાદ ખાતે મેડીકલ ઓફીસર તરીકે મારી ફરજ બજાવતો હતો, ત્યારે દર્દી નામે જયેશભાઈ ઈશ્વરભાઈ રબારીનાઓ, તેમના ભાઈ વિષ્ણુભાઈ રબારી સાથે સાંજના કલાક ૬/૩૦ વાગે ગાંધીગનર સી.હો. રીફર ચીટ સાથે આવેલ. જે રીફર ચીટ આજરોજ નામ. કોર્ટમાં રજુ કરુ છું. જે રજુ દાખલ **આંક – ૩૦**આપવામાં આવે છે. તેઓએ ત્યારે હિસ્ટ્રીમાં તેઓએ જણાવેલ કે, મારા મારીનો કેસ છે. મેં તપાસેલ ત્યારે દર્દી સભાન અવસ્થામાં હતા અને બનાવની વિગત જાતે લખાવેલ. તા.૦૭/૧૦/૨૦૨૦ ના રોજ સાંજે ૨/૩૦ થી ૩/૦૦ વાગ્યના ગાળામાં આજોલથી લોદરા રોડ ઉપર ગાયો લઈને આવતા હતા ને માથામાં પાવડો મારીને ઈજા કરેલ છે. મારનારનું નામ મુકેશભાઈ પટેલ ઉર્ફે જે. ડી. હતું. દર્દીને તપાસતા નીચે મુજબની ઈજાઓ જણાઈ.

ઈજા નં ૧ માથાના કપાળના ડાબી બાજુના ભાગે પાંચ ટાંકા વાળો પાટો બાંધેલ હતો. જે પાટો ખોલી અમોએ જોયેલ.

ઈજા નં ૨ જમણા પગની જાંઘમાં દુખાવો જણાવેલ.

ઈજા નં ૩ જમણા પગ (પંજો) ઉપર ઘસરકા વાળો ઘા ૧ સે.મી × ૧ સે.મી હતો.

ઈજા નં ૪ ડાબા કાનની બુટ ઉપર બે ટાંકા વાળો ઘા હતો.

ઈજા નં ૫ દર્દીએ કાનમાંથી લોહી આવતું હતું અને ઉલટી થયેલ અને બેભાન થયેલ હતા તેવી હીસ્ટ્રી જણાવેલ.

તપાસ નં ૧ અમારી હોસ્પિટલમાં પેટના ભાગની સોનાગ્રાફી કરાવેલ. જેમાં લીવરના જમણા ભાગે ફેટી લીવર તથા લીવર એબસેસ (પરુ) થઈ ગયેલાનું જણાવેલ. તપાસ નં ૨પેટના ભાગનું સ્કેનીંગ કરાવેલ. તેમાં લીવરના છુંદાયેલા ભાગમાં ફેટી લીવર અને એબસેસની અસર જણાયેલ.તપાસ નં ૩ મગજના સ્કેનીંગ કરાવેલ. જેમાં ડાબા ફ્રન્ટર બોર્નમાં નાના ઘણા બધાં  ફ્રેકચર જણાયેલ. તપાસ નં ૪ મોઢાના ભાગના બોર્નનું સ્કેનીંગ કરાવેલ. જેમાં ડાબા ફ્રન્ટલ બોર્નનું ફ્રેકચર હતું, જે ડાબા ટેમ્પોરલ બોર્ન સુધી લંબાયેલ. તપાસ નં ૫ નાકનો પડદો ડાબી બાજુ થઈ ગયેલ. મારા મત મુજબ દર્દીને થયેલ ઈજાઓ ગંભીર પ્રકારની હતી. ત્યારબાદ મેં દર્દીને તપાસ્યા બાદ મેં સારવાર સર્ટીફિકેટ ઈશ્યુ કરેલ જેનો  નંબર ૨૦ ૪૪૯/૧૯/૨૦૨૦ છે.  જેને રજુ દાખલ **આંક– ૩૧** આપવામાં આવે છે. તેમજ આ સાથે દર્દીના પેટની સોનો ગ્રાફી તેમજ પેટની સ્કેનીંગ, મગજના ભાગના ફોટાનો રીપોર્ટ તથા નાક અને મોઢાના ભાગના ફોટાનો રીપોર્ટ અસલ રજુ કરું  છું જે સંયુકત રજુ **આંક – ૩૨** આપવામા આવે છે.''

ત્યારબાદ ફરિયાદી પક્ષે સદર સાહેદની ઉલટતપાસ કરતાં સદર સાહેદે એ વાત કબૂલ રાખેલ છે કે, ''એ વાત ખરી છે કે, મેં આપેલા સર્ટીફીકેટમાં સીરીયલ નંબર લખેલ નથી.  એ વાત ખરી છે કે, ઈજા પામનાર મારી પાસે સારવાર માટે આવેલ ત્યારે સભાન અવસ્થામાં આવેલ. એ વાત ખરી છે કે, બનાવ અંગેની હીસ્ટ્રી તેમની જાતે લખાવેલ. એ વાત ખરી છે કે, ઈજા પામનારે ઈજા કરનારના પિતાનું નામ લખાવેલ નથી. એ વાત ખરી છે કે, ઈજા પામનાર ઈજાના ચાર

કલાક બાદ મારી પાસે સારવાર માટે આવ્યા હતા. એ વાત ખરી છે કે, દર્દીએ તેઓએ બે જગ્યાએ સારવાર લીધેલ હકીકત હીસ્ટ્રીમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે, મેં આપેલ સર્ટીફીકેટમાં ઈજાઓ કેવા પ્રકારની હતી ? સાદી કે ગંભીર તે જણાવેલ નથી. ''સાહેદે અન્ય બાબતોનો ઈનકાર કરેલ છે.

(૬.૭)ત્યારબાદ ફરિયાદપક્ષે સાહેદ લાલજીભાઈ હેમરાજભાઈનાઓને આંક – ૩૯ ની જુબાનીમાં સોગંદ પર તપાસતાં સરતપાસમાં તેઓએ જણાવેલ કે, ''ગઈ તા. ૮/૧૦/૨૦૨૦ ના રોજ અમો માણસા પોલીસ સ્ટેશનમાં પી.એસ.ઓ. તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન આ કામના પી.એસ.આઈ.શ્રી એ.આર. ચૌધરી નાઓ રાત્ર બે વાગે મને એક ફરીયાદ દાખલ કરવા આપેલી. જે ફરીયાદ તા.૭/૧૦/૨૦ના રોજ તેમના રૂબરૂની લેવાયેલી હતી. જે ફરીયાદ આ કામે આંક ૧૦ થી રજુ છે. તે જ છે. અને તેઓએ ફરીયાદ સાથે સુચિપત્ર તૈયાર કરી આપેલ. જે સુચિપત્ર આજ રોજ નામ.કોર્ટમાં રજુ કરુ છું. જેને રજુ દાખલ **આંક – ૪૦**આપવામાં આવે છે. પી એસ.આઈ. શ્રી એ.આર. ચૌધરી રૂબરૂ સદર ગુન્હાની ફરીયાદ જાહેર થયેથી જે ફરીયાદ અમોને ગુન્હો દાખલ કરવા આપતા અમોએ તે ફરીયાદ ફ.ગુ.રજી. ૭૫૩/૨૦૨૦ થી ગુન્હો દાખલ કરેલ અને એફ.આઈ.આર. નોંધેલ. જે એફ.આઈ.આરમાં પી.એસ.ઓ તરીકે મારી સહી છે.જે હું ઓળખી બતાવું છું. જે એફ.આઈ. આર. નામ.કોર્ટના રેકર્ડમાં રજુ છે. જેને રજુ દાખલ **આંક–૪૧**આપવામાં આવે છે. ગુન્હો દાખલ કર્યાની સ્ટે.ડાયરીમાં નોંધ કરેલ. જે સ્ટે.ડાયરીની

પ્રમાણિત નકલ આજરોજ લાવેલ છું. જે રજુ દાખલ **આંક-૪૨**આપવામાં આવે છે. સદર ગુન્હો અમો અનુક્રમે નં ર થી રજુ કરેલ છે. સદર ગુન્હો દાખલ કરી આગળની તપાસ મેં પી એસ આઈ શ્રી એ. આર.ચૌધરીને સોપેંલી. તે સિવાય અન્ય કોઈ કામગીરી આ કામે કરેલ નથી. ''

ત્યારબાદ ફરિયાદી પક્ષે સદર સાહેદની ઉલટતપાસ કરતાં સદર સાહેદે એ વાત કબૂલ રાખેલ છે કે, ''એ વાત ખરી છે કે, દવાખાનાની વર્ધી આવી હોઈ અને તે આધારે ફરીયાદ નોંધાયેલ હોઈ તેવું બનેલ નથી. ફરીયાદ રજીસ્ટર કર્યા સિવાય અન્ય કોઈ કામગીરી કરેલ નથી. ''સાહેદ અન્ય બાબતોનો ઈનકાર કરેલ છે.

(૬.૮)ત્યારબાદ આ કામે ફરિયાદ પક્ષે સાહેદ અલકાબેન રંગાભાઈ ચૌધરીનાઓને આંક – ૪૬ ની જુબાનીમાં સોગંદ પર તપાસતાં સરતપાસમાં તેઓએ જણાવેલ કે, ''ગઈ તા. ૭/૧૦/૨૦૨૦ ના અરસામાં હું માણસા પો.સ્ટે.માં પી.એસ.આઈ. તરીકે મારી ફરજ બજાવતી હતી તે વખતે આ ગુનાની ફરીયાદ મે મારી રૂબરૂ ની લીધેલી જે ફરીયાદ મે ફરીયાદીના લખાવ્યા મુજબ લખી લીધેલી તે ફરીયાદ આ કામે આંક-૧૦ થી રજુ છે તે જ છે. તેમા રૂબરૂ તરીકે મારી સહી ઓળખી બતાવુ છુ. સદર ફરીયાદ લઈને માણસા પો.સ્ટે.ના પી.એસ.ઓ.ને ગુનો દાખલ કરવા માટે આપેલો. જે સુચીપત્ર તૈયાર કરી, મે તેઓને આપતા તેઓએ તેના ઉપર સદર ગુનાની તપાસ મને સોંપતો ડેપ્યુટ હુકમ કરેલો. જે સુચીપત્ર આ કામે આંક-૪૦ થી રજુ છે, તે જ છે. તપાસ સંભાળી લઈને લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા

અને ગુનાવાળી જગ્યાનુ તથા મારક હથીયાર રીકવરીના પંચનામા કરેલા જે આ કામે રજુ છે તે જ છે. આ કામના આરોપીએ મે. કલેકટર સાહેબના જાહેરનામાનો ભંગ કરેલ હોય તે અંગેનુ જાહેરનામુ મેળવેલુ. જે જાહેરનામાની ઝેરોક્ષ આ કામે રજુ રાખુ છુ, જે બચાવ પક્ષની સંમતિથી રજુ દાખલ આંક–૪૭ આપવામાં આવે છે. મે સદર કામે ડોકટરને યાદી કરી ઈજા પામનારના સારવાર સર્ટી મેળવેલ, જે બે યાદી રજુ રાખુ છુ, જેને રજુ દાખલ આંક–૪૮ અને ૪૯ આપવામાં આવે છે. તમામ તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલુ. આરોપીઓને જોયેથી ઓળખી શકુ. જે આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે, તે જ છે. ''

ત્યારબાદ ફરિયાદી પક્ષે સદર સાહેદની ઉલટતપાસ કરતાં સદર સાહેદે એ વાત કબૂલ રાખેલ છે કે, ''એ વાત ખરી છે કે, એ વાત ખરી છે કે, ફરીયાદ માર રૂબરૂની છે અને તપાણ પણ મે કરેલી છે. એ વાત ખરી છે કે, આ કામે કેટલી ગાયો લઈને ગયેલા અને કેટલા માણસો હતા તે મે ફરીયાદમાં જણાવેલુ છે. એ વાત ખરી છે કે, બનાવ સમયે કોણ કઈ દિશામાં ઉભુ હતુ તે પણ હકીકત ફરીયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે, આ કામના આરોપીને આવેશમાં આવવાનુ કારણ પણ ફરીયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે, બનાવ ચોકકસ કઈ જગ્યાએ બન્યો હતો તે અંગેનો કોઈ આધાર પુરાવો મેળવેલ નથી કે આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, આ કામે અરજદારની જ્ઞાતીના માણસો સિવાય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી. ''સાહેદે અન્ય બાબતોનો ઈનકાર કરેલ છે.

(૦૭) સરકારી વકીલશ્રીએ દલીલ કરી છે કે આરોપી સામે ભારતીય દંડ સંહિતા કલમો – **૩૨૫, ૩૨૩, ૫૦૪,** તથા જી.પી. એકટ ૧૩૫ મુજબના ગંભીર પ્રકારના ગુના નો આક્ષેપો છે અને વધુમાં જણાવેલ છે કે,આરોપી દ્રારા ફરિયાદીના ભાઈને કોઈ કારણ વગર ગાળો બોલી માથામાં પાવડો મારી ફેકચર કરી માથામાં પાછળના ભાગે તથા કાન ઉપર ઈજાઓ કરી ગુનો આચરેલ છે.આથી આરોપી દ્વારા ગંભીર ગુનો કરવામાં આવેલ છે જે ઘ્યાને લેતા કાયદામાં નિર્ધારિત સર્વોચ્ચ સજા આપવામાં આવવી જોઈએ.આરોપી પક્ષે દલીલ કરવામાં આવેલ છે કે ફરીયાદપક્ષના મોટાભાગાના સાક્ષી ફરીયાદીના સગા–વ્હાલાઓ છે.કોઈ સ્વંતંત્ર સાહેદને તપાસવામાં આવેલ નથી.

આરોપીપક્ષે દલીલ કરવામાં આવેલ છે કે હાલનો કેસ ક્રોસ કેસ છે. હાલના આરોપીએ પણ આ કામના ફરીયાદી ઉપર ફરીયાદ કરેલ હતી. પણ પુરાવાના અભાવના લીધે હાલના ફરીયાદી તેમજ સાહેદો જે પહેલા કેસમાં આરોપી હતાં તેમને નિર્દોષ છોડવામાં આવેલ છે. જેથી એક જ બનાવથી અને એકજ સંજોગોથી હાલનો બનાવ પણ ઉભો થયેલ થયેલ હોઈ જેથી હાલના આરોપીઓને પણ પુરાવાના અભાવે નિર્દોષ છોડવા જોઈએ. વધુમાં આરોપી પક્ષે જણાવેલ છે કે આ કામે સાહેદોની તેમજ ફરીયાદીની જુબાની ઘ્યાને લઈએ તો તેમાં અને તે લોકોના પરિસ્થિતી રૂબરુંના નિવેદનોમાં અનેકો અનેક વિસંગતતાઓ છે. જેથી ખરેખર બનાવ શા માટે બનેલ તે રેકર્ડ પર આવેલ નથી. આરોપીપક્ષે ભારપૂર્વક રજૂઆત કરેલ છે કે તેમના દ્વારા લેવામાં આવેલ ઉલટતપાસ ઘ્યાને લઈએ તો દરેક સાહેદને બનાવનું કારણ પૂછવામાં

આવેલ છે.પણ એક પણ સાહેદ અથવા ફરીયાદીએ કારણ જણાવેલ નથી. કેમકે ફરીયાદપક્ષની પોતાની ભૂલના લીધે આ બનાવ બનેલ જેથી આરોપીને નિર્દોષ છોડવા અરજ કરેલ છે.

(૦૮) આ કામના ગુનાના ગુણદોષમા ગયા પહેલા કાયદાકીય જોગવાઈને ધ્યાને લેવાની જરૂરી જણાઈ છે. આ કામના ફરીયાદીએ આરોપી વિરૂધ્ધ I.P.C. કલમ ૩૨૫, ૩૨૩, ૫૦૪, તથા જી.પી. એકટ ૧૩૫ મુજબનો ગુનો કરી હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કયો હોય તે અંગેની ફરીયાદ કરેલ છે. Criminal jurisprudence ના જનરલ પ્રિન્સીપલ Innocent until proven guilty beyond reasonable doubt ના નિયમ મુજબ જયાં સુધી આરોપી સમક્ષ ગુનો નિ:શંકપણે પુરવાર ન થાય ત્યાં સુધી તેને નિર્દોષ માનવો જોઈએ. વધુમાં Actori incumbit probatio લેટીન મેકિસમ મુજબ ક્રિમીનલ કેસમા પુરવાર કરવાનો બોજો ફરીયાદ પક્ષ ઉપર હોય છે. નામદાર વડી અદાલતે ઘણા બધા ચુકાદામાં ઠરાવેલ છે કે જયાં સુધી ફરીયાદ પક્ષ પોતાનો કેસ beyond reasonable doubt પુરવાર ન કરે ત્યાં સુધી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. આ તબકકે ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૧૦૧ અને ૧૦૩ ધ્યાને લેવી જરૂરી છે. જે નીચે મુજબ છે.

**Sec. 101 - Burden of proof**

Whoever desires any Court to give judgment as to any legal right or liability dependent on the existence of facts which he asserts, must prove

that those facts exist. When a person is bound to prove the existence of any fact, it is said that the burden of proof lies on that person.

**Sec. 103 - Burden of proof as to particular fact.**

The burden of proof as to any particular fact lies on that person who wishes the Court to believe in its existence, unless it is provided by any law that the proof of that fact shall lie on any particular person.

વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે તેમના ચુકાદા ભલિન્દરસિંહ ઉર્ફે રાજુ વિરૂધ્ધ સ્ટેટ ઓફ પંજાબ ૧૯૯૪ ક્રિમીનલ લો જનરલ એસી પાના નંબર ઉપર જણાવેલ છે કે, Prosecution has to establish his case on his own legs, weakness of defense can not be used as circumstances in favour of prosecution. વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે In ***Sharad Birdhichand Sarda v. State of Maharashtra,*** **(1984) 4 SCC 116,** laid down the following five golden principles i.e. the ***panchsheel*** of the proof of a case based on circumstantial evidence:

(1) The circumstances from which the conclusion of guilt is to be drawn should be fully established. There is not only a grammatical but a legal distinction between 'may be proved' and "must be or should be proved". It is a primary principle that the

accused must be and not merely may be guilty before a court can convict and the mental distance between 'may be' and 'must be' is long and divides vague conjectures from sure conclusions.

(2) The facts so established should be consistent only with the hypothesis of the guilt of the accused, that is to say, they should not be explainable on any other hypothesis except that the accused is guilty.

(3) the circumstances should be of a conclusive nature and tendency,

(4) they should exclude every possible hypothesis except the one to be proved, and

(5) there must be a chain of evidence so complete as not to leave any reasonable ground for the conclusion consistent with the innocence of the accused and must show that in all human probability the act must have been done by the accused.

**(૦૯)આરોપીઓ સામે આક્ષેપિત ગુનાઓ અંગેની જોગવાઈ જોવામાં આવે તો,**

**<u>ઈ. પી. કોડની કલમ –૩૨૩ :– સ્વેચ્છાપૂર્વક વ્યથા કરવા માટે શિક્ષા</u>:–**

જે કોઈ વ્યકિત, સ્વેચ્છાપુર્વક વ્યથા કરે, તેને એક વર્ષની મુદત સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની અથવા એક હજાર રૂપીયા સુધીની દંડની અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે

હાલના કેસના સંદર્ભમાં ઉપરોકત ચર્ચા અને જોગવાઈઓના તથ્યો ધ્યાને લઈએ તો ઈ.પી.કો. કલમ – ૩૨૩ પુરવાર કરવા માટે સ્વેચ્છાપૂર્વક વ્યથા કરી હોય તે પુરવાર કરવી જરૂરી છે.

**<u>ઈ. પી. કોડની કલમ – ૩૨૫ :– સ્વેચ્છાપૂર્વક મહાવ્યથા કરવા માટેની શિક્ષા:–</u>**

જે કોઈ વ્યકિત, કલમ ૩૩૫ માં જણાવેલા સંજોગોમાં હોય તે સિવાય સ્વેચ્છાપૂર્વક મહાવ્યથા કરે તેને સાત વર્ષ સુધીની બેમાૃથી કોઈ પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને તે દંડને પણ પાત્ર થશે.

**<u>ઈ. પી. કોડની કલમ – ૫૦૪ :– સુલેહનો ભંગ કરવા ઉશ્કેરવા માટે ઈરાદાપૂર્વક અપમાન કરવા બાબત</u>:–**

ઉશ્કેરાઈ જઈને કોઈ વ્યકિત જાહેર સુલેહશાંતિનો ભંગ કરે અથવા કોઈ ગુનો કરે બેસે એવા ઈરાદાથી અથવા કોઈ વ્યકિત જાહેર સુલેહશાંતિનો ભંગ કરશે અથવા કોઈ ગુનો કરી બેસશે એવો સંભવ હોવાનુ જાણવા છતાં, જે કોઈ વ્યકિત, ઈરાદાપૂર્વક બીજી કોઈ વ્યકિતનુ અપમાન કરીને તેને એવા ઉશ્કેરાટનુ કારણ આપે, તેને બે વર્ષ સુધીની

બેમાંથી કોઈ પ્રકારની કેદની અથવા દંડની અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે.

હવે ઈન્ડિયન પીનલ કોડની કલમ ૩૨૩, ૩૨૫ ની જોગવાઈ ધ્યાને લેતાં સૌથી પહેલો શબ્દ છે સ્વેચ્છા પૂર્વક વ્યથા કરવા અથવા તો સ્વેચ્છા પૂર્વક મહાવ્યથા કરવા. જેથી સ્વેચ્છા પૂર્વક પુરવાર કરવું અત્યંત આવશ્યક છે. આ કામે ફરીયાદપક્ષનો કેસ ધ્યાને લઈએ તો આરોપીએ તેમને પાવડાથી ઈજા પહોંચાડી જે સ્થાપિત થાય છે અને તે અંગે મેડીકલ પુરાવા પણ આ કામે રજુ છે અને રજુ ડોકટર સાહેદની જુબાની આંક – ૨૯ થી પણ આરોપીને ઈજાઓ થઈ હોવાની હકીકત સ્પષ્ટપણે રેકર્ડ પર આવેલ છે. હવે આરોપી વિરૂધ્ધ ૩૨૩ અને ૩૨૫ પુરવાર કરવા માટે ઈજાઓ આરોપીએ સ્વેચ્છાપૂર્વક કરી કે કેમ અને આરોપીએ કરેલ કે કેમ તે પુરવાર કરવાનું જરૂરી બની રહેલ છે. આ કામે ફરીયાદી તેમજ અન્ય સાહેદોની જુબાની ધ્યાને લઈએ તો ઈજા પામનાર સિવાય કોઈ પણ સાહેદે બનાવ નજરે જોયેલ નથી અને બનાવ બન્યા હોવાનું શું કારણ છે તે જણાવેલ નથી. એવી જ રીતે જો ઈજા પામનાર જયેશભાઈ રબારીની જુબાની ધ્યાને લઈએ તો તેને પણ જણાવેલ છે કે , આરોપી કોઈ કારણ વગર ગાળો બોલી માથામાં પાવડો મારી ફ્રેકચર કરી અનેકો એવી ગંભીર ઈજાઓ પહોંચાડેલી જેથી બનાવનું કોઈ કારણ રેકર્ડ પર આવતું નથી. હવે આ સંજોગોને

ધ્યાને લેતાં લાગે છે કે ફરીયાદપક્ષ કોઈ હકીકત છુપાવવાનો પ્રયત્ન કરે છે અને આરોપી પક્ષે જણાવેલ છે કે હાલની કોર્ટમાં જે કેસ સી.સી.નં. ૧૧૬૪/૨૦૨૦ ફેંસલ થયેલ છે જેમાં બનાવનું કારણ જણાવેલ છે અને બનાવનું કારણ છે કે આ કામના ફરીયાદીઓ આરોપીના ખેતરમાં ગાયો લઈને ગુસતા હતાં જેથી આરોપીના ખેતરમાં પાકને નુકશાન થઈ જાય તે હેતુથી આરોપીએ ફરીયાદીને અટકાવવા માટે તેમને રોકેલ જેથી હાલનો બનાવ બનેલ અને બંને પક્ષો સામો સામે ઈજા કરેલ છે.

જયારે પણ સામા સામે ઈજા કરવા અંગેનો કેસ હોય તો સૌથી અગત્યની વસ્તુ આ નકકી કરવાનું રહે છે કે બનાવની શરૂઆત કોના દ્ધારા થયેલ હોય તે ફલિત થતું નથી. જે કે ફરીયાદ પક્ષ મુજબ કોઈ કારણ વગર વગર આરોપીએ પાવડો લઈને ફરીયાદીને મારેલ તે હકીકત અત્યંત શંકા જનક લાગે છે અને આરોપી દવારા જણાવેલ હકીકત કે બં ને પક્ષો વચ્ચે જગડા થયેલ અને તે જગડામાં બંનેને ઈજાઓ થયેલ વગેરે કુશંકા લાગે છે જેથી રેકર્ડ પર આ હકીકત ર્નિવિવાદ પુરવાર થયેલ છે કે ફરીયાદી સાહેદે જયેશભાઈને ગંભીર ઈજાઓ થયેલ છે. પરંતુ તે ગંભીર ઈજાઓ આરોપીએ સ્વેચ્છાપૂર્વક કરેલ છે તે સ્થાપિત કરવા માટે ફરીયાદપક્ષ કોઈ વિશેષ પુરાવો લાવેલ નથી. જયારે આરોપીને અને ફરીયાદીને બંનને ઈજા થયેલ હોય અને સામે સામે ઝઘડો અને મારા મારીનો બનાવ બનેલ હોય ત્યારે આવશ્યક હોય છે કે આ નકકી થાય કે શરૂઆત કયા

પક્ષે કરેલ અને બચાવ કયા પક્ષ કરતાં હતાં. હાલના સંજોગોમાં ફરીયાદપક્ષે શરૂઆત કરેલ હોય તેવું જણાવેલ છે અને ફરીયાદપક્ષ એવું જણાવે છે કે કારણ વગર તેમના પર હુમલો કરવામાં આવેલ. જેથી સાહેદોની જુબાની અને રજુ પુરાવાથી આ ફલિત થતુ નહી કે કોની ભુલના લીધે અથવા તો કોની ઉશ્કેરણીના કારણે ઝઘડાનો બનાવ બનેલ. જેથી આરોપી સ્વેચ્છા પૂર્વક ફરીયાદી સાહેદોને ઈજા કરેલ હોય તે સ્થાપિત થતું નહિ અને જયાં સુધી કોઈ પણ જોગવાઈના દરેક તત્વો સ્થાપિત ન થતાં હોય ત્યાં સુધી આરોપી વિરૂધ્ધ તે જોગવાઈ પુરવાર માની શકાય નહિ.હવે હાલના સંજોગોમાં જયારે સ્વેચ્છાપૂર્વક વ્થયા અથવા તો મહા વ્યથા કરેલ હોય તે રેકર્ડ પર આવતું નથી જેથી શંકાનો લાભ આરોપીને મલવો જોઈએ. કેમ કે બનાવ આરોપીની ઉશ્કેરણીથી અથવા તો આરોપીની ભુલથી બનેલ હોય તેવું કારણ ફરીયાદપક્ષે જણાવેલ નથી અને માત્ર કારણ વગર બનાવ બનેલ હોય તેવું જણાવેલ છે. જેથી આરોપી વિરૂધ્ધ ઈન્ડિયન પીનલ કોડની કલમ ૩૨૩, ૩૨૫ પુરવાર કરવા ફરિયાદપક્ષ નિષ્ફળ રહેલ છે.

હવે આરોપી વિરૂધ્ધ ઈ.પી.કો. કલમ ૫૦૪ મુજબના આક્ષેપો કરવામાં આવેલ છે તે અંગે ચર્ચા કરીએ તો જયારે આરોપી વિરૂધ્ધ ઈ.પી.કો. કલમ ૫૦૪ મુજબના આક્ષેપો હોય ત્યારે જે વ્યકિતનુ અપમાન કરવામાં આવેલ હોય તે વ્યકિતનુ અપમાન ઈરાદાપુર્વક કરવામાં આવેલ હોવાનુ તથા

તેવું અપમાન ઉશ્કેરણીજનક હોવું પુરવાર કરવું ફરીયાદપક્ષે જરૂરી છે. કયા શબ્દો વડે ભોગ બનનારનુ અપમાન કરવામાં આવેલ તે અસલ શબ્દો રેકર્ડ પર આવવા જરૂરી છે. જો આવા શબ્દો રેકર્ડ પર આવી ન શકે તો ઈ.પી.કો. કલમ ૫૦૪ ના આક્ષેપો પુરવાર થયેલ માની શકાય નહીં. વધુમાં નામદાર શ્રી ગુજરાત હાઈકોર્ટે પ્રવિણભાઈ બેચરદાસ વણકર અને બીજાઓ વિરૂધ્ધ ગુજરાત રાજય, ૨૦૦૭(૧) જી.એલ.એચ.,૩૩૭ નાં ચુકાદામાં ઠરાવ્યુ છે કે ભારતીય ફોજદારી ધારાની કલમ–૫૦૪ માં લખ્યા પ્રમાણે અપમાન માત્ર ઈરાદાપુર્વકનુંજ નહી પરંતુ અપમાનિત વ્યકિતને જાહેર શાંતિનો ભંગ કરવા અથવા અન્ય ગુન્હો કરવા ઉશ્કેરણી કરતુ હોવુ જોઈએ તેમજ તેનાં અસલ શબ્દો રેકર્ડ પર આવે નહી ત્યાં સુધી એવુ ઠરાવવુ શકય નથી કે આ પ્રમાણેનો ગુન્હો આચરવામાં આવેલો છે. હાથ પરના કેસમાં ફરીયાદપક્ષ આવો પુરાવો રેકર્ડ પર રજુ કરી શકેલ નથી. જેથી ઈ.પી.કો. કલમ ૫૦૪ મુજબનો ગુન્હો આરોપીઓ વિરૂધ્ધ પુરવાર થયાનુ માની શકાય તેમ નથી.

આ કામના આરોપી પર કોઈ ગુના સાબીત થતા નથી. આમ, ફરીયાદ પક્ષે ઉપરોકત ચર્ચા મુજબ એ સાબીત કરવા રહે છે કે આરોપી ઘ્વારા ઉપર મુજબ કોઈ ગુનો કરવામાં આવેલ છે, આ કામે સમગ્ર પુરાવા તથા જુબાનીઓ ઘ્યાને લઈએ તો, સદર કામે આઈ. પી. સી. કલમ – ૩૨૩,

૩૨૫, ૫૦૪, તથા જી.પી. એકટ ૧૩૫ મુજબના તત્વો પુરવાર થતા નથી.

(૧૦)હાલના કેસમાં પુરાવાના મુલ્યાંકન કરતા ફરીયાદી સરતપાસમાં આરોપીએ ઈજા કરેલ હોવાનું જણાવે છે પરંતુ બનાવ સ્થળે ઈજા પામનાર સિવાય કોઈ સ્થળ પર હાજર ન હતાં તેઓ પાછળથી આવેલા અને તેમના ભાઈને દવાખાને લઈ ગયેલા આરોપીએ ફરીયાદીના ભાઈને ઈજાઓ કયા કારણથી કરી તે સ્પષ્ટ થતુ નથી. કોઈ પ્રકારની ઈજા કરેલ હોય તેવો તેમના વિરુધ્ધ કોઈ પણ પ્રકારનો પુરાવો નથી. તેમજ બનાવ ના સમય આરોપી બનાવ વાળી જગ્યાએ હાજર હતા તે અંગે કોઈ પુરાવો રેકર્ડ પર નથી.ગંભીર ઈજાઓ આરોપીએ સ્વેચ્છા પૂર્વક કરેલી તે તે પુરવાર કરવા ફરીયાદપક્ષ કોઈ પુરાવો રેકર્ડ પર લાવેલ નથી. આરોપી અને ફરીયાદને સામ સામે ઈજાઓ હોય ત્યારે ઝઘડાનો બનાવ બનેલ હોય અને કરવામં આવેલ ઈજાઓ બચાવ તરીકે કરવામાં આવેલ કે હુમલા તરીકે કરવામાં આવેલ તે સ્પષ્ટ થતુ નથી જેથી બંને પક્ષોએ શંજકાનો લાભ રહેલ છે. આરોપીઓને ગુના થી જોડતી કોઈ પણ કડી પ્રસ્થાપિત ના હોય પુરાવા ના અભાવે આરોપીઓને દોષી માની શકાય નહી.આથી મુદાનં.(૧) નો જવાબ નકારમાં છે.

(૧૧) <u>મુદા નં.૨ :–</u>

ફરીયાદપક્ષ પોતાનો કેસ ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઈ તથા ક્રીમીનલ જયુરીસપ્રુડન્સનાં પ્રસ્થાપિત સિધ્ધાંતો અનુસાર સાબીત કરવામાં નિષ્ફળ નિવડેલ છે. તે સંજોગોમાં આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. જેથી નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**:: હુ ક મ ::**

**(૧)** ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૧)મુજબ આરોપી :મુકેશકુમાર જયંતીભાઇ પટેલનાઓની વિરુધ્ધના ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૨૫, ૩૨૩, ૫૦૪ તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબ ના ગુન્હા ના તહોમત માંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આ કામે ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ–૪૩૭(એ) મુજબ દરેક આરોપીનાઓએ રુ.૧૦,૦૦૦/–ના જાત જામીન અને તેટલી જ રકમના સધ્ધર જામીન અપીલ સમય સુધીના દીન–૧૦ માં આપવાના રહેશે.

હુકમ આજરોજ તારીખ ૦૭ , માહે – માર્ચ , સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી – સંભળાવી જાહેર કર્યો.

| | |
|---|---|
| | **(કુ. દામિની દીક્ષિત)** |
| તા. ૦૭/૦૩/૨૦૨૬ | જયુડી.મેજી.ફ.ક., માણસા. |
| સ્થળ : માણસા | કોડ નં. ૦૧૬૯૮ |